રવિ ફાઈટરનો રોફ, પોલીસનું મૌન!

નિયમ તોડનાર 33 યુવાનોને બચાવવાનો પ્રયાસ? ટ્રાફિક-અડાજણ પોલીસ એકબીજા પર ટોપલો ઢોળી રહ્યા છે

રાજકીય આકાઓની છત્રછાયા હેઠળ કાયદાના ધજાગરા, અડાજણની બાઈક રેલી બાદ પણ કાર્યવાહી ઝીરો

સુરતઃ ટ્રાફિકના નિયમોને જાહેરમાં પડકાર આપનાર અને સોશિયલ મીડિયાના વાયરલ વીડિયોથી વિવાદમાં આવેલા રવિ ફાઈટરના પ્રકરણમાં સુરત પોલીસની કાર્યવાહી હવે પ્રશ્નચિહ્ન હેઠળ આવી છે. એક તરફ પોલીસ રવિ ફાઈટરને "શોધી રહી છે" તેવી વાતો કરી રહી છે, તો બીજી તરફ તેની સાથે અડાજણ વિસ્તારમાં નિયમો તોડીને રેલી કાઢનાર 33 નબીરાઓ સામે કોઈ દ્રઢ કાર્યવાહી થતી ન દેખાતા સમગ્ર મામલો ગંભીર ચર્ચાનો વિષય બન્યો છે.

અડાજણ વિસ્તારમાં સફેદ થાર ગાડીની આગળ-પાછળ 30થી 40 યુવાનો બાઈક અને એક્ટિવા લઈને હેલ્મેટ વિના રેલી કાઢતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થયો હતો. તપાસમાં આ તમામ યુવાનો રવિ ફાઈટરના હોવાનું બહાર આવ્યાં બાદ પણ પોલીસ માત્ર મુખ્ય આરોપી સુધી સીમિત રહેતી દેખાય છે. કાયદાની નજરે રેલીમાં સામેલ દરેક યુવાન પણ સમાન રીતે દોષિત હોવા છતાં, 33 નબીરાઓ સામે કાર્યવાહી કરવાના બદલે તેમને "છોડી દેવાના મુડમાં" હોવાનું ચિત્ર ઉભું થયું છે.વિશ્વસનીય સૂત્રો મુજબ, રવિ ફાઈટરને બચાવવા માટે મોટા રાજકીય માથાઓ મેદાનમાં ઉતર્યા છે. કહેવાય છે કે રવિ ફાઈટર દ્વારા કેટલાક રાજકીય નેતાઓને મફતમાં બાઈકરોની સુવિધા પૂરી પાડવામાં આવતી હોવાથી તેની સામે કડક પગલાં લેવામાં અચકાટ જોવા મળી રહ્યો છે.

આ રાજકીય દબાણના કારણે ટ્રાફિક પોલીસ અને અડાજણ પોલીસ એકબીજા પર જવાબદારી ઢોળી રહી છે. ટ્રાફિક પોલીસનું કહેવું છે કે આ ટ્રાફિક નિયમોના ઉલ્લંઘનનો મામલો હોવાથી કાર્યવાહી ટ્રાફિક વિભાગે શરૂ કરી છે, જ્યારે અડાજણ પોલીસનું કહેવું છે કે કોઈ સત્તાવાર રેલીની મંજૂરી નહોતી. છતાં, રવિ ફાઈટરને બોલાવી નિવેદન લેવાની કે રેલીમાં સામેલ અન્ય યુવાનો સામે દંડાત્મક કાર્યવાહી કરવાની તસ્દી લેવાઈ નથી .સ્થાનિકોમાં આ મુદ્દે ભારે રોષ ફેલાયો છે. લોકોનો સવાલ છે કે જ્યારે અન્ય કેસોમાં તરત કાર્યવાહી થાય છે, ત્યારે રવિ ફાઈટર જેવા વિવાદિત તત્વો સામે પોલીસ કેમ નરમ વલણ દાખવે છે? રવિ ફાઈટરના વીડિયો જોઈને અન્ય યુવાનો પણ કાયદાની અવગણના કરીને હેલ્મેટ વિના રેલીઓ કાઢે તો તેની જવાબદારી કોની? હવે સમગ્ર મામલે શહેર પોલીસ કમિશનર અનુપુસિંહ ગહલૌતનો સીધો હસ્તક્ષેપ જરૂરી બની ગયો છે. જો સમયસર કડક કાર્યવાહી નહીં થાય, તો કાયદાનો ડર ખતમ થવાનો અને રસ્તાઓ પર અંધાધૂંધ વધવાનો ખતરો નકારી શકાય નહીં. સુરત પોલીસ માટે આ પ્રકરણ હવે માત્ર એક વીડિયો નહીં, પરંતુ પોતાની વિશ્વસનીયતા બચાવવાની કસોટી બની ગયું છે.

કોર્પોરેટરો વચ્ચે ગાળાગાળી, ખજાનચી ને લાફવાળી ત્રીજુ શિસ્તભંગ

જાહેર બાંધકામ સમિતિએ મંજૂર કરેલા ટેન્ડરો દફતરે કરાતાં વિવાદ

સંગઠનની જાણ બહાર કડદો કરવા ઇચ્છતા સમિતિ ચેરમેનોને સંગઠનનો ખુલ્લો મેસેજ

સુરતઃ છેલ્લા થોડા સમયથી સુરત ભાજપમાં શિસ્તભંગના કિસ્સા વધી રહ્યા છે. ભાજપ કાર્યાલય પર બે નગરસેવક વચ્ચે ગાળાગાળી, બીજી ઘટનામાં એક કાર્યકર દ્વારા કાર્યાલય પર જ ખજાનચી શૈલેષ જરીવાલાને લાફાવાળી થયા બાદ હવે જાહેર બાંધકામ સમિતિમાં સંગઠનની જાણ બહાર ત્રણ ટેન્ડર મંજૂર કરી દેવાતાં વધુ એક વખત ભાજપની શિસ્તના લીરેલીરા ઊડ્યા છે. જો કે, ભાજપમાં સુરત શહેર સંગઠન દ્વારા લેવાતા નિર્ણયોનો અમલ માત્ર ઔપચારિક રીતે સ્થાયી સમિતિ અને વિવિધ ખાસ કમિટીઓએ કરવાનો રહે છે. મનપાના વહીવટમાં ચુંટાયેલા પ્રતિનિધિઓ નહીં પરંતુ સંગઠનના નક્કી થયેલા પદાધિકારીઓ જ અંતિમ નિર્ણય લેતા હોવાની સ્થિતિ સર્જાઈ છે. બેઠકના એજન્ડામાં ક્યાં કામો મૂકવાના, ક્યાં નહીં તે પણ શહેર ભાજપ પ્રમુખ અથવા સંગઠન દ્વારા નિયુક્ત કરાયેલા હોદ્દેદારો નક્કી કરે છે. પરિણામે, કમિટી ચેરમેનો આજે સત્તા વગરના "શોભાના ગાંઠિયા" બની ગયા હોવાનો આંતરિક રોષ સપાટી પર આવી રહ્યો છે. જાહેર બાંધકામ સમિતિમાં લેવાયેલા નિર્ણયો તેની પ્રતીતિ કરાવે છે. વાસ્તવિકતા એવી છે કે, ચેરમેનોને ઉદઘાટન કાર્યક્રમોમાં સ્ટેજ પર બેઠક, મનપામાં ઓફિસ અને સત્તાવાર કાર સિવાય કોઈ વિશેષ અધિકાર મળતો નથી. વહીવટ પર સંગઠનની સીધી નજર અને દખલગીરી કેટલી હદે છે, તેનો ચોંકાવનારો દાખલો જાહેર બાંધકામ કમિટીની છેલ્લી બેઠકમાં જોવા મળ્યો હતો. માત્ર સાત મિનિટમાં બેઠક પૂર્ણ થઈ જતાં અધિકારીઓમાં ચર્ચા હતી કે આ કદાચ જાહેર બાંધકામ કમિટીની સૌથી ટૂંકી બેઠક હશે. ચોંકાવનારી વાત એ છે કે, એજન્ડામાં સમાવિષ્ટ કામો સિવાય શહેર ભાજપ સંગઠનની જાણ બહાર વધારાનાં 8 કામની દરખાસ્તો સામેલ કરવામાં આવી હતી. તેમાં લિંબાયત ઝોનના ડ્રાફ્ટ ટીપી સ્કીમ નં.62 અને 41, કતારગામ ઝોનની ટીપી સ્કીમ નં.49, 50, 51, પર તેમજ ગામતળ અને ટીપી સ્કીમ નં.18માં આવેલી શિવછાયા ટેનામેન્ટ અને ધી વિહાર કો-ઓ.હાઉસિંગ સોસાયટીની આંતરિક ગલીઓમાં પેવર બ્લોક, ફૂટપાથ અને વોટર ટેબલ બનાવવા માટેનાં ટેન્ડરો બંધબારણે મંજૂર કરી દેવાયાં હતાં. બાકી પાંચ કામો ગ્રોસ અંદાજ મંજૂરીનાં હતાં. જાહેર બાંધકામ કમિટીના ચેરમેન દ્વારા સંગઠનની જાણ બહાર સીધા ત્રણ ટેન્ડર મંજૂરીના નિર્ણયો લેવાતાં મામલો શહેર ભાજપ પ્રમુખના ધ્યાન પર પહોંચ્યો હતો. સંગઠન માટે આ સીધી રીતે 'ડિસિપ્લિન બ્રેક' ગણાતી હોવાથી કડક કાર્યવાહી કરવામાં આવી હતી. ચેરમેનને શો-કોઝ નોટિસ ફટકારવામાં આવી હતી. કમિટીમાં લેવાયેલા ટેન્ડર સોંપણીના તમામ નિર્ણયોનો ઠરાવ રદ કરી દફ્તરે કરી દેવાયો અને વિકાસ કામગીરી અસરગ્રસ્ત ન થાય તે માટે ટૂંકી મુદતના નવા ટેન્ડર બહાર પાડવાનો નિર્ણય લેવાયો હતો. મનપામાં વહીવટ ચલાવે છે કોણ? ચુંટાયેલા કોર્પોરેટરો કે શહેર ભાજપ સંગઠન? એવો સવાલ હવે ખુલ્લેઆમ ઊઠવા લાગ્યો છે.

ભાજપના સભ્ય દ્વારા જ ભ્રષ્ટાચારના આક્ષેપ

ભાજપના કોર્પોરેટરની ડિંડોલી-દક્ષિણની આંગણવાડી મેન્ટેનન્સ કામગીરીમાં ગડબડના આરોપ સાથે વિજિલન્સ તપાસની માંગ

સુરતઃ સુરત મહાનગરપાલિકામાં ભાજપની શિસ્તબદ્ધતા પર સવાલો ઊભા થયા છે. વોર્ડ નં-૨૭ (ડિંડોલી-દક્ષિણ) વિસ્તારમાં આવેલી આંગણવાડી મેન્ટેનન્સ કામગીરીમાં ભારે ગડબડના આક્ષેપ સાથે ભાજપના જ સ્થાનિક કોર્પોરેટર અને જાહેર બાંધકામ સમિતિના સભ્ય સુધાકર ચૌધરીએ ફરિયાદ નોંધાવતા રાજકીય ગરમાટો ચરમસીમાએ પહોંચ્યો છે. શાસક પક્ષના જ કોર્પોરેટર દ્વારા શાસકોના કામમાં ભ્રષ્ટાચારની ફરિયાદ થવી, તે ભાજપમાં ચાલતા આંતરિક ગજગ્રાહ અને દબાયેલો રોષ હવે ખુલ્લેઆમ બહાર આવી રહ્યો હોવાનો સંકેત આપી રહી છે.

મળતી વિગતો મુજબ, ઈલેક્શન વોર્ડ નં-૨૭ના ટી.પી. ૪૧, ૬૨ અને ૬૯ વિસ્તારમાં આવેલી કુલ ૧૫ આંગણવાડીઓમાં મેન્ટેનેન્સનું કામ લિંબાયત ઝોન દ્વારા કરાવવામાં આવ્યું છે. જોકે, આજ રોજ ડેપ્યુટી અધિકારી સાથે સ્થળ તપાસ કરતાં કામની ગુણવત્તા નબળી હોવાનું બહાર આવ્યું છે. દિવાલ, ફ્લોરિંગ, રંગકામ અને અન્ય મરામત કામગીરી ધોરણસર ન હોવા છતાં તેના બિલો ચૂકવાઈ ગયા હોવાનો ગંભીર આક્ષેપ થયો છે.

આ મુદ્દે કોર્પોરેટર સુધાકર ચૌધરીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, નબળી ગુણવત્તાનું કામ કરીને બિલ પેડ કરવું યોગ્ય નથી. બાળકોના ભવિષ્ય સાથે ચેડાં થઈ રહ્યા છે. તેમણે આ સમગ્ર મામલે વિજિલેન્સ વિભાગ દ્વારા નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ કરાવવાની માંગ કરી છે.

ભાજપમાં લાંબા સમયથી ચાલતી 'અધિકારીઓ રાજ' અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને ભાજી-મૂળા સમાન ગણવામાં આવતાં હોવાની ફરિયાદો હવે ખુદ ભાજપના મંચ પરથી ઉઠવા લાગી છે. ડિંડોલી-દક્ષિણની આંગણવાડી મેન્ટેનેન્સનો મામલો માત્ર એક વોર્ડ પૂરતો નથી, પરંતુ મનપામાં ચાલતા કામકાજની પારદર્શિતા પર મોટો પ્રશ્નચિહ્ન મૂકતો રાજકીય વિસ્ફોટ બની રહ્યો છે.

ટેલિગ્રામ પર વેપારીની પત્નીના ફોટા વાયરલ કરવાની ધમકી

સુરતઃ વેસુ વિસ્તારમાં રહેતા વેપારીને ટેલિગ્રામ મારફતે તેમની પત્નીના ફોટા વાયરલ કરવાની ધમકી આપીને હેરાન પરેશાન કરવામાં આવતા આખરે ભોગ બનનાર વેપારીએ વેસુ પોલીસમથકમાં અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. શહેરના વેસુ વિસ્તારમાં રહેતા વેપારીએ વેસુ પોલીસમથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે છેલ્લા થોડા દિવસોથી કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા ટેલિગ્રામ એપ્લિકેશન મારફતે તેમને અશ્લીલ અને અપમાનજનક મેસેજ મોકલવામાં આવી રહ્યા હતા. શરૂઆતમાં આ મેસેજને અવગણ્યા હતા, પરંતુ ત્યારબાદ મામલો વધુ ગંભીર બન્યો હતો. અજાણ્યા ઇસમે તેમને ટેલિગ્રામ પર તેમની પત્નીના અંગત ફોટા મોકલ્યા હતા અને આ ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી હતી.

મતદારો રાતોરાત હવામાં ઓગળી ગયા કે શું?

મ્યુ. કમિશનર, કલેક્ટરને પત્ર લખી સાંસદ મુકેશ દલાલે લોકોનું ગાયબ થવું શહેરની શાંતિ માટે જોખમી ગણાવ્યું

સુરતઃ સુરત સહિત સમગ્ર દેશમાં હાલ મતદાર યાદી એટલે કે SIRની હજી ચાલી રહી છે. આ કામગીરીમાં ઘણા વિવાદો સામે આવી રહ્યા છે. ત્યારે હવે ભાજપના સાંસદ મુકેશ દલાલે મનપા કમિશનર અને જિલ્લા કલેક્ટરને એક પત્ર લખતા રાજકીય ગરમાવો આવી ગયો છે. તપાસ દરમિયાન અનેક મતદારો રાતોરાત ગાયબ થઈ ગયા હોવાની આશંકા વ્યક્ત કરતાં સાંસદ મુકેશ દલાલે મનપા કમિશનર અને કલેક્ટરનો પત્ર લખી રજુઆત કરી છે અને યોગ્ય તપાસ કરવા જણાવ્યું છે.

સાંસદ મુકેશ દલાલે પત્રમાં જણાવ્યું છે કે, હાલમાં BLO-1 અને BLO-2 દ્વારા ઘરે-ઘરે જઈને મતદાર યાદીના શુદ્ધિકરણની કામગીરી કરવામાં આવી રહી છે. આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ એવા લોકોના નામ યાદીમાંથી દૂર કરવાનો છે, જેઓ ભારતના નાગરિક નથી અને ગેરકાયદે રીતે મતદાર તરીકે નોંધાયેલા છે.

મતદારો હવામાં ઓગળી ગયા કે શું?' પત્રમાં ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. સાંસદે લખ્યું છે કે જ્યારે BLO ની ટીમ સુરતના કેટલાક 'કુખ્યાત' ગણાતા વિસ્તારોમાં નોંધણી માટે ગઈ, ત્યારે મોટી સંખ્યામાં લોકો ઘરોને તાળા મારીને ગાયબ થઈ ગયા હતા. જો આ મતદારો સાચા અને કાયદેસરના નાગરિક હોય, તો તપાસના ડરથી ભાગવાની જરૂર કેમ પડી? રાતોરાત આટલી મોટી સંખ્યામાં લોકો ક્યાં અદ્રશ્ય થઈ ગયા? શું તેઓ હવામાં ઓગળી ગયા? મુકેશ દલાલે પત્રમાં ભારપૂર્વક જણાવ્યું છે કે, આ રીતે લોકોનું ગાયબ થવું એ સુરત શહેરની શાંતિ, સલામતી અને અસ્મિતા માટે જોખમકારક છે.

હત્યાનો આરોપી 15 વર્ષ બાદ તમિલનાડુથી ઝડપાયો

સુરતઃ કામરેજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હત્યાના ગુનામાં છેલ્લા ૧૫ વર્ષથી ફરાર અને રૂ.૧૦ હજારના ઇનામી આરોપીને પી.સી. બી.એ તમીલનાડુના હોસુરથી ઝડપી પાડ્યો છે.પ્રિવેન્ટિવ કાઈમબ્રાન્ચે સફળ ઓપરેશન હાથ ધરી રાજકુમાર જયકૃષ્ણ પટેલ (ઉ.વ.૪૦, મૂળ રહે., પંચોખર, ચોરાહત, જિ. સિંધી, મધ્યપ્રદેશ, હાલ રહે., હોસુર, તમીલનાડુ) ને ઝડપી પાડ્યો હતો. પૂછપરછ દરમિયાન આરોપીએ કબૂલ્યું હતું કે વર્ષ ૨૦૧૧માં ભરતપ્રસાદ પટેલ સાથે જૂની અદાવતના કારણે ઝઘડો થયો હતો. જેમાં આરોપી અને તેના સાગરીતો અભિમન્યુ, અશોક, અમરેન્દ્ર અને કલ્લુએ મળીને લોખંડના પાઈપથી માથાનાં ભાગે હુમલો કરી ભરતપ્રસાદની હત્યા કરી હતી. સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષક દ્વારા તેની ધરપકડ માટે રૂ.૧૦,૦૦૦નું ઈનામ પણ જાહેર કરાયું હતું.

અમે ત્રણ ફૂટ સુધી દબાણોની પરમિશન અપાવીશું

ચૌટા બજારમાં 'સેટિંગ' માટે દલાલો મેદાનમાં ઊતરી પડયા

જો કે પોલીસ અને મનપાની આવા કોઈ સેટિંગબાજોના જાસામાં નહીં આવવા અનુરોધ

રસ્તાનાં દબાણો દૂર થયા પણ ફૂટપાથ પર ફરી દબાણો થવા માંડ્યાં

સુરતઃ ચૌટા બજારમાં ગેરકાયદે દબાણો સામે 'ગુજરાતમિત્ર' દ્વારા શરૂ કરાયેલી ઝુંબેશ બાદ આખરે મેયર અને પોલીસ કમિશનર ખુદ ચૌટા બજારમાં ઊતર્યા હતા. દબાણકર્તાઓને કાયદેસરની કડક કાર્યવાહી કરવાની ચીમકી આપવામાં આવ્યા બાદ પોલીસ અને મનપાની સંયુક્ત ડ્રાઇવ હાથ ધરવામાં આવી હતી. જેના પરિણામે છેલ્લા ચારથી પાંચ દિવસથી ચૌટા બજારમાં રસ્તા ઉપરનાં દબાણો મહદ અંશે કાબૂમાં આવ્યાં છે. પરંતુ હવે કાર્યવાહી બાદ એક નવી ચિંતાજનક ચર્ચા શહેરમાં ગૂંજવા લાગી છે. વેપારીઓ અને દબાણકર્તાઓને રસ્તા પર ફરી બે-ત્રણ ફૂટ સુધી દબાણ કરવા દેવા માટે વહીવટી તંત્ર તરફથી 'સેટિંગ' કરાવી આપવાનો દાવો કરતાં દલાલો ફરી સક્રિય બન્યા હોવાની ચર્ચા છે. આ દલાલો વેપારીઓને કહી રહ્યા છે કે, દર મહિને ચોક્કસ રકમ ચૂકવવામાં આવે તો દબાણ સામે આંખ આડા કાન કરવામાં આવશે અને પોલીસ તેમજ મનપાના અધિકારીઓને 'સાંધી' લેવામાં આવશે.

આવી વાતો સામે મનપા અને પોલીસ તંત્રએ સ્પષ્ટ ચેતવણી આપી છે. અધિકારીઓએ વેપારીઓ અને દબાણકર્તાઓને આવા દલાલોની વાતમાં ન આવવા અનુરોધ કર્યો છે અને જણાવ્યું છે કે, ચૌટા બજારમાં દબાણ હટાવવાની કાર્યવાહી યથાવત રહેશે. કોઈપણ પ્રકારની ગેરકાયદે સેટિંગ કે છૂટછાટ આપવામાં નહીં આવે. રસ્તા પરથી મોટા ભાગનાં દબાણો દૂર થયા હોવા છતાં હજી પણ અનેક દુકાનોની બહાર ફૂટપાથ પર દબાણો શરૂ થવા માંડ્યાં છે. કેટલાક વેપારીઓના માણસો હાથમાં ચીજવસ્તુઓ લઈ ફૂટપાથ અને રસ્તા પર ફરતા રહી ગ્રાહકોને આકર્ષતા હોવાની ફરિયાદો પણ સામે આવી રહી છે. ચૌટા બજારમાં દબાણો સામે શરૂ કરાયેલી કાર્યવાહી હવે નિર્ણાયક તબક્કામાં છે.

દલાલોની ચર્ચા અને ફૂટપાથ પર ફરી વધતા નાનાં દબાણો વચ્ચે, મનપા અને પોલીસ તંત્ર આ કાર્યવાહી સતત જાળવી રાખે છે કે નહીં એના પર હવે સૌની નજર મંડાઈ છે.

જેઠાભાઈ ભરવાડના રાજીનામાથી ભાજપમાં નવી હલચલ

નવા ઉપાધ્યક્ષ પદે સુરતના સિનિયર ધારાસભ્ય ને જવાબદારી સોંપાય છે કે નહીં ?તે ચર્ચાએ વેગ પકડ્યો

સુરત : ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ પદેથી ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડે આજે અચાનક રાજીનામું આપી દેતા રાજ્યની રાજનીતિમાં ગરમાટો ફેલાયો છે. સત્તાવાર કારણો હજુ સ્પષ્ટ કરવામાં આવ્યા નથી, પરંતુ છેલ્લા થોડા સમયથી ભાજપ અને સરકારમાં બદલાઈ રહેલા આંતરિક સમીકરણો વચ્ચે આ રાજીનામું માત્ર પદત્યાગ નહીં, પરંતુ આવનારી ગોઠવણોનું સૂચક હોવાનું રાજકીય વર્તુળોમાં માનવામાં આવી રહ્યું છે.

રાજીનામાની ઘટનાએ એ ચર્ચાને વધુ વેગ આપ્યો છે કે સંગઠન અને સરકાર બંને સ્તરે નવી સંતુલન નીતિ અમલમાં મુકાઈ રહી છે. ખાસ કરીને પ્રદેશમાં પાવર શેરિંગ, પ્રદેશીય સંતુલન અને આગામી રાજકીય પડકારોને ધ્યાનમાં રાખી નેતૃત્વ દ્વારા પદોની પુનર્ગોઠવણી થઈ રહી હોવાની ચર્ચા છે. જેઠાભાઈ ભરવાડનો અચાનક નિર્ણય એ દિશામાં મહત્વપૂર્ણ કડી તરીકે જોવામાં આવી રહ્યો છે. આ સાથે રાજકીય ચર્ચામાં એક મહત્વની વાત એ પણ ઉછળી છે કે ખાલી પડેલા ઉપાધ્યક્ષ પદ માટે સુરતના એક સિનિયર ધારાસભ્યને જવાબદારી સોંપવાની તૈયારી ચાલી રહી છે. જો આવું બને તો તે માત્ર વ્યક્તિગત પ્રમોશન નહીં, પરંતુ સુરત અને સમગ્ર દક્ષિણ ગુજરાતના રાજકીય વજનમાં વધારો કરતી વ્યૂહરચના તરીકે જોવામાં આવશે. દક્ષિણ ગુજરાત ભાજપ માટે આર્થિક, સંગઠનાત્મક અને ચૂંટણી દૃષ્ટિએ હંમેશા મહત્વપૂર્ણ વિસ્તાર રહ્યો છે અને ત્યાંથી વિધાનસભાના ઉપાધ્યક્ષ જેવા બંધારણીય પદ પર પ્રતિનિધિત્વ મળવું રાજકીય સંદેશ આપનારું પગલું ગણાશે.

ભાજપના આંતરિક સૂત્રો મુજબ, આવનારા સમયમાં સંગઠન, સરકાર અને વિધાનસભામાં જવાબદારીઓનું પુનર્વિતરણ થઈ શકે છે. તેમાં પ્રદેશીય સંતુલન સાથે અનુભવ અને વફાદારીને પણ મહત્વ આપવામાં આવી રહ્યું છે. આ પરિપ્રેક્ષ્યમાં જેઠાભાઈ ભરવાડનું રાજીનામું અને સુરતના સિનિયર ધારાસભ્યને આગળ લાવવાની ચર્ચા, બંને એક જ રાજકીય વ્યૂહરચનાનો ભાગ હોવાનું માનવામાં આવી રહ્યું છે.

હાલમાં તો સત્તાવાર જાહેરાતની રાહ જોવાઈ રહી છે, પરંતુ એટલું ચોક્કસ છે કે આ ઘટનાએ રાજ્યની રાજનીતિમાં નવી ચર્ચા અને અલબાજીને જન્મ આપ્યો છે. આગામી દિવસોમાં વિધાનસભા અને ભાજપ સંગઠનમાં થનારા નિર્ણયોથી આ રાજીનામાના વાસ્તવિક રાજકીય અર્થ વધુ સ્પષ્ટ થશે.

સચિન GIDCમાં ટોળાએ યુવક પર હિંસક હુમલો કરતા ભય

તલંગપુર રોડની સોસાયટીમાં ધોળે દિવસે થયેલા હુમલાના CCTV વાયરલ

20 શખ્સોનું ટોળું પાઈપ-લાકડી લઈને તૂટી પડ્યું પીડિતને પોલીસ સ્ટેશનમાં કલાકો બેસાડી રખાયોનો આરોપ

સુરતઃ સચિન GIDC વિસ્તારમાં ફરી કાયદો-વ્યવસ્થાને પડકારતી ઘટના સામે આવી છે. હાથ અડી જવાની સામાન્ય વાતે હિંસક વળાંક લેતાં 15થી 20 યુવકના ટોળાએ એક કામદાર પર પાઈપ અને લાકડીઓથી હુમલો કર્યો હતો. સમગ્ર ઘટનાના CCTV દૃશ્યો સામે આવતા વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો છે.

સચિન GIDCના તલંગપુર રોડ પર આવેલી શિવાંજલી સોસાયટીમાં ગત 22 ડિસેમ્બરે બપોરે આશરે એક વાગ્યાના અરસામાં હચમચાવી દેતી ઘટના બની હતી. અંકુરસિંહ નામનો કામદાર યુવક સોસાયટીમાં શાંતિથી બેઠો હતો, ત્યારે અચાનક 15થી 20 જેટલા યુવકોનું ટોળું ત્યાં ધસી આવ્યું હતું.હાથમાં લાકડાના દંડા અને પાઈપ લઈને આવેલા આ શખ્સોએ અંકુરસિંહ પર એકસાથે હુમલો કરી દીધો હતો. જે ઘટના CCTVમાં યુવક બચવા માટે હાંફે છે, છતાં ટોળું અટકતું નથી.

યુવક લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો. પીડિત અંકુરસિંહનો આરોપ છે કે ઘટના 22 ડિસેમ્બરે બની હોવા છતાં તેની ફરિયાદ બે દિવસ બાદ, 24 ડિસેમ્બરે નોંધાઈ હતી.

વધુમાં તેણે ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું કે માર ખાધા પછી પણ તેને કલાકો સુધી પોલીસ સ્ટેશનમાં બેસાડી રાખવામાં આવ્યો હતો. આ મુદ્દે સચિન GIDC પોલીસની કામગીરી સામે પ્રશ્નો ઊભા થયા છે. પોલીસ તપાસ મુજબ, અંકુરસિંહ અને હુમલાખોરો વચ્ચે અગાઉ હાથ અડી જવાની સામાન્ય ઘટનામાં બોલાચાલી થઈ હતી. નાની બાબતનો ખાર રાખીને હુમલાખોરોએ બદલો લેવાનો પ્લાન ઘડ્યો હોવાનું સામે આવ્યું છે.

યુવક એકલો મળતાં જ ટોળાએ હુમલો કર્યો હતો. આ અંગે સચિન GIDC પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર કુલદીપસિંહ ગોહિલે જણાવ્યું કે આ ઘટના જૂની અદાવતનું પરિણામ છે. CCTV ફૂટેજના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે અને બંને પક્ષોની ફરિયાદ નોંધાઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ધોળે દિવસે થયેલી આ હિંસક ઘટનાથી શિવાંજલી સોસાયટી સહિત આસપાસના ઔદ્યોગિક વિસ્તારમાં કામદારોમાં ભય ફેલાયો છે. ખુલ્લેઆમ હથિયારો સાથે હુમલા થવાથી સચિન GIDCમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અંગે ગંભીર પ્રશ્નાર્થ ઊભો થયો છે.આ વિસ્તારમાં લોકો શાંતિ ઈચ્છી રહ્યા છે.

સંક્ષિપ્ત સમાચાર

શ્રી સમસ્ત વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિ, વિભાગ સુરતનો સ્નેહમિલન સમારોહ યોજાયો

સુરતઃ શ્રી સમસ્ત વાટલીયા પ્રજાપતિ જ્ઞાતિના વિભાગ સુરતના 25 થી 30,000 લોકો એકઠા થઈને સમાજના કાર્યક્રમમાં હાજરી આપીને આનંદ મેળાનો લાભ લીધો. આ કાર્યક્રમ શ્રી વાટલીયા પ્રજાપતિ સમાજના સુરત વિભાગના પ્રમુખ કલ્પેશભાઈ વરિયા, કમિટી સભ્યો તેમજ સમાજના અગ્રણી નંદલાલભાઈ પાંડવ, જીતુભાઇ કાકલોતર તથા અન્ય આગેવાન અને સમાજ ટ્રસ્ટીઓ વશરામભાઈ કલસરીયા, હરજીવનભાઈ વરિયા, ગોરધનભાઈ સરવૈયા, જયંતિભાઈ અને સાથે સમાજના કોર્પોરેટર નરેન્દ્ર પાંડવ તથા તમામ પરિવારના પ્રમુખો તેમજ સંયમ સેવકે આયોજનમાં ભાગ લીધો હતો. સાંસ્કૃતિક અને આનંદ મેળો, રાસ ગરબા સહિત સ્નેહમિલનનું પ્રથમવાર આયોજન કરાયું હતું.

પંચમ્ ગ્રુપ દ્વારા એસ.ડી. અને આર.ડી. બર્મનના ફિલ્મી ગીતોની સ્પર્ધા રવિવારે

સુરતઃ 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ્ ગ્રુપ ઓફ મ્યુઝિક દ્વારા આગામી રવિવાર તા.૨૮મી ડિસેમ્બરના બપોરે ૪થી૮ સંગીતકાર એસ ડી બર્મન અને આર ડી બર્મનના ફિલ્મી ગીતોની સ્પર્ધાનો જાહેર કાર્યક્રમ સ્વરાન્ગન સ્ટુડિયો ૧૦૭ રાજહંસ સ્ટેડિયમ પ્લાઝા નવી એલ પી સવાણી સ્કુલ પાસે પાલનપુર ખાતે રાખવામાં આવ્યો છે. કાર્યક્રમ માણવા માટે કોઈ પ્રવેશ ફી નથી. સંગીત રસીકોને કાર્યક્રમો માણવા જણાવાયું છે.

શ્રી અમદાવાદી ચાંપાનેરી મોઢ ઘાંચી જ્ઞાતિ મંડળ દ્વારા ટ્રેકિંગનું આયોજન કરાયું

સુરતઃ શ્રી અમદાવાદી ચાંપાનેરી મોઢ ઘાંચી જ્ઞાતિ મંડળ દ્વારા મુલહેર (મહારાષ્ટ્ર) ટ્રેકિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના 40 યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો. જેનું સંચાલન મંડળના માધ્યમથી મિલિન મોદી તેમજરાકેશ ચાંપાનેરીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

સુરત જિલ્લા પેન્શનર એસોસિએશનના સભ્યો જોગ

સુરતઃ સુરત જિલ્લા પેન્શનર એસોસિએશનના પ્રમુખ મનહર લાપસીવાલાએ જણાવ્યું છે અને સભ્યોને નવી ડિરેક્ટરી અને સિનિયર સિટિઝન્સ અને પેન્શનર્સને મળવા જોગ લાભોની બુક છપાઈ ગઈ છે. દરેક સભ્યોને આ બુક કૈલાશબેન વૃદ્ધાશ્રમ, જમરૂખ ગલી, નાનપરા, સુરત. ખાતેથી સવારે ૯ થી ૧ માં મેળવી લેવાની રહેશે. તા. 7/1/26ના રોજ ટાગોર હોલ, અમદાવાદ ખાતેના અધિવેશનમાં પેન્શનરના લાભો અને આઠમા પગાર પંચ બાબતે અધિવેશન મળવાનું છે. જે સભ્યો અધિવેશનમાં અમદાવાદ હાજરી આપવા માંગતા હોય તેઓએ રૂપિયા 700 રોકડા સુરત પેન્શનની કચેરી, ભોંય તળિયે, જિલ્લા સેવા સદન -૨, અ- વિભાગ, અઠવાલાઇન, સુરત ખાતે આધાર કાર્ડની ઝેરોક્ષ કોપી સહિત જમા કરાવવાના રહેશે.

સુરતનાં એકતા પટેલની પાવરલિફ્ટિંગમાં સિદ્ધિ

સુરતઃ સુરત સિટી પોલીસ, સરિતા સાગર ટ્રસ્ટ સંકુલ અને સ્પોર્ટસ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા તા.14-12-25ના રોજ યુનાઇટેડ પાવરલિફ્ટિંગ ઇન્ડિયા નેશનલ પ્રો-ડેડલિફ્ટ ચેમ્પિયનશિપ-2025નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સુરતનાં એકતા મિહિર પટેલે 52 કેજીની કેટેગરીમાં 120 કેજી વજન ઊંચકીને પ્રથમ ક્રમ સાથે ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો. સાથે તેમને સર્ટિફિકેટ પણ એનાયત કરવામાં આવ્યું હતું. ઉપરાંત ચેમ્પિયન ઓફ ચેમ્પિયન ટ્રોફી પણ એનાયત કરવામાં આવી હતી.

વી. એન. ગોધાણી ઇંગ્લિશ સ્કૂલનો વાર્ષિક ઉત્સવ સંપન્ન

સુરતઃ કતારગામ વિસ્તારમાં આવેલી વી. એન. ગોધાણી ઇંગ્લિશ સ્કૂલ દ્વારા તા. 24